## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડીયર... ડરીશ નહીં... અહીં પોલ્યુશન મામલે રેડ એલર્ટ કદી ડીક્લેર નહીં થાય.. આપણે પોલ્યુશનથી ભલે મરી જાયએ પણ.. સંસદમાં બહસ વગર કોઈ નિર્ણય નહીં લેવાય...!!

# જિલ્લામાં આ માસના બીજા પખવાડિયામાં પ્રિ-ગુણોત્સવ યોજવા તંત્રની કવાયત વેગીલી બની

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવના પરિણામમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત થાય તે માટે આ માસના બીજા પખવાડિયામાં પ્રિ-ગુણોત્સવનું આયોજન કરવાની કવાયત જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

છેલ્લા બે દિવસથી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આ પ્રિ-ગુણોત્સવના આયોજનને લઈ બેઠકોનો સિલસિલો ચાલી રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૧૪૭ જેટલી શાળાઓ છેલ્લા ગુણોત્સવનમાં જે સી અને ડી ગ્રેડમાં આવી હતી તેને ફોક્સ કરી અને શિક્ષણની ગુણવત્તામાં સુધાર માટેના પગલાંઓ અંગે ચિંતન ચાલી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે શાળાઓની સુવિધાઓ સહિતની બાબતોને સમાવતી બાબતોનું એક ચેક લિસ્ટ જિલ્લાતંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યું છે. જેમાં પ્રથમ શાળાઓ દ્વારા માર્કિંગ કરાશે અને ત્યારબાદ જિલ્લાના અધિકારીઓ દ્વારા તેની સ્વંય ચકાસણી માટે ટીમો બનાવી શાળાઓમાં મોકલવામાં આવશે.

જિલ્લા શિક્ષણતંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્રએ શાળાના આચાર્યો સાથે બેઠક કરી અને શાળાના અપગ્રેડેશન માટે લેવાયેલા પગલાં તેમજ લેવા ધારેલા પગલાંઓને ધ્યાને રાખી ચર્ચાનો દોર શરૂ કર્યો છે. જિલ્લાની શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ તેમજ શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ વિશે પણ આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ થઈ છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી નટવરસિંહ રાઠોડના સીધા માર્ગદર્શન હેઠળ આ માસના બીજા પખવાડિયામાં પ્રિ-ગુણોત્સવનું આયોજન તૈયાર કરી દેવાયું છે. જિલ્લામાં શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે તાજેતરમાં મળેલ જિલ્લા સંકલન સમિતિ (શિક્ષણ વિભાગ)ની બેઠકમાં પણ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી અને તેમાં આખો રોડમેપ તૈયાર કરી સી અને ડી ગ્રેડની શાળાઓને દત્તક આપવામાં આવી છે. આવી શાળાઓમાં મોનીટરીંગ પણ સઘન બનાવવામાં આવ્યુ છે અને તંત્રના અધિકારીઓ દ્વારા સમયાંતરે વિશેષ માર્ગદર્શન તેમજ મુલાકાતો પણ યોજાઈ રહી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગુજરાતના ૧૯૮૫ની બેચના સનદી અધિકારી શ્રી સુજીત ગુલાંટીની ભારત સરકારમાં અધિક સચિવ તરીકેની નિમણૂક માટે પસંદગી કરાઈ છે.

● ગાંધીનગર મહાનગર-પાલિકા દ્વારા આજે સેક્ટર-૨૧માં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત પ્રેઝન્ટેશન કરાયું હતું.

● ગાંધીનગરના યુવા સાહિત્યકાર શ્રી સંજય થોરાતે સ્કાય ગૃપના પાંચ મિત્રો સાથે રક્તદાન કરી જન્મદિવસની ઉજવણી કરી હતી.

● રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ એક દિવસના દિલ્હી પ્રવાસે જઈ રહ્યા છે.

● સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંપન્ન થતાં જ રાજકીય પક્ષોના સંગઠનમાં ફેરફારો થાય તેવા સંકેતોથી રાજકીય ગરમાવો જામેલો જોવા મળી રહ્યો છે.

● આજે દબાણ તંત્રએ સેક્ટર-૨૦માંથી દબાણો દૂર કરવાની કાર્યવાહી કરી હતી.

# સે-૨૧ અને ૩૦માંથી બે દિવસમાં ઝૂંપડાના ૫૫ દબાણો દુર કરાયા

ગાંધીનગર, તા ૮

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા સેકટરોને દબાણમુકત કરવા રોજબરોજ લારી ગલ્લા અને ઝુંપડાઓ દુર કરવામાં આવી રહયા છે. છેલ્લા બે દિવસ દરમિયાન તંત્ર દ્વારા સે-૨૧ અને સે-૩૦માંથી ઝુંપડાના ૫૫ જેટલા દબાણો દુર કરવામાં આવ્યા છે. આજે પણ સે-૨૦માં દબાણ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શહેરને દબાણ મુકત કરવા માટે તંત્ર દ્વારા દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સેકટરોમાં નજર નાંખો ત્યાં ગેરકાયદેસર દબાણોનો અડ્ડો જામ્યો છે. ઠેર ઠેર દબાણો અસ્તિત્વમાં આવતા પાર્કીંગ પ્લેસ પણ બિન ઉપયોગી બન્યા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. દબાણોની સંખ્યા વધતા આમ નાગરિકોએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. સેકટરોમાં તંત્ર દ્વારા છાશવારે નાટકીય દબાણ ઝુંબેશ હાથ ધરાતા શહેરને કાયમી ધોરણે દબાણોનુ ચુંગાલમાંથી મુકત કરવાનુ સ્વપ્ર સાકાર થઈ શકયુ નથી. ત્યારે લાંબા સમયના અંતે તંત્ર દ્વારા શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. દબાણ મામલતદાર તેમજ માર્ગ મકાન વિભાગના અધિકારીઓ ઉપરાંત ઈન્કવાયરી કચેરીના સ્ટાફની હાજરીમાં સેકટરોમાં દબાણની કામગીરી ચાલી રહી છે. દબાણ હટાવ ઝુંબેશના પ્રારંભે તંત્ર દ્વારા સે-૨૧ પેટ્રોલપંપ પાછળથી ઝુપડાના ૧૭ જેટલા દબાણો દુર કરવામાં આવ્યા હતા. જયારે સેકટરના રહેણાંક વિસ્તારમાંથી પણ ઝુંપડાઓ દુર કરાયા હતા. આ ઉપરાંત આજે સે-૩૦ના આંતરિક વિસ્તાર તેમજ રીંગ રોડ આસપાસથી ૩૮ જેટલા ઝુંપડાઓ દુર કરવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા હજુ આગામી દિવસોમાં પણ દબાણ હટાવ ઝુંબેશ યથાવત રાખવામાં આવશે. જયારે આજે સેકટર-૨૦માં દબાણો દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# સે.૧૫ કોમર્સ કોલેજમાં પ્રોફેસરોની અનિયમિતતાને લઈ વિદ્યાર્થીઓ અકળાયા

## કલાક મોડા આવીને દોઢ કલાક સુધી ચા ની ચુસકી લેતા આળસુ પ્રોફેસરોથી ત્રસ્ત વિદ્યાર્થીઓ આંદોલનના મુડમાં




ગાંધીનગર તા.૮

ગાંધીનગર શહેરની સેકટર-૧૫ સ્થિત કોમર્સ કોલેજમાં પ્રોફેસરોની અનિયમિતતા અંગે વિદ્યાર્થીઓમાં ચણભણ થઈ રહી છે. શહેરની કોમર્સ કોલેજમાં ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમનો અભ્યાસ કરાવાય છે. કોમર્સ કોલેજમાં હજ્જારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પરંતુ કોલેજમાં સમયસર પ્રોફેસર ન આવતા વિદ્યાર્થીઓનો વાર્ષિક અભ્યાસ પુરો થઈ શકતો નથી તેમજ કોલેજમાં વિદ્યાર્થીઓને બેસીને સમયપસાર કરવાનો વારો આવે છે.

ગાંધીનગર શહેરમાં સેકટર-૧૫માં આર્ટસ, કોમર્સ, અને સાયન્સ ત્રણેય પ્રવાહોની કોલેજ આવેલી છે. આ વિસ્તારમાં વિદ્યાર્થીઓની વિશેષ હાજરી દિવસ દરમ્યાન જોવા મળે છે. જયારે કોમર્સ કોલેજ સવારની હોવાથી વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં કોલેજમાં હાજર હોય છે. પરંતુ પોતાની વ્યસ્તતામાં મસ્ત પ્રોફેસરો સમયસર આવતા નહિ હોવાનો સુર વિદ્યાર્થીઓમાં ઉઠવા પામ્યો છે. સમયસર ન આવતા પ્રોફેસરોને પગલે વિદ્યાર્થીઓને સવાર સવારમાં બેસીને સમય પસાર કરવાનો વારો આવે છે. જયારે કેટલાંક વિદ્યાર્થીઓ પ્રોફેસર નહિ આવતા ઘરે પરત ફરે છે. જયારે વિદ્યાર્થીઓનો અભ્યાસ ટાઈમસર વર્ષ દરમિયાન પણ પુરો થતો નથી. અંગ્રેજી તેમજ ગુજરાતી માધ્યમના પ્રોફેસરો સમયસર આવતા નથી તેવી ચણભણ કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓમાં થાય છે.

જીંદગી અને વિદ્યાનું ભાથું જયાથી વિદ્યાર્થી મેળવે છે. તે કોલેજના શિક્ષણમાં જ લાપરવાહી જોવા મળી રહી હોવાનો સુર વિદ્યાર્થીઓમાં ઉઠવા પામ્યો છે. નિયમિતતાના પાઠ જયાંથી ભણાવવામાં આવે છે. ત્યાનાં પ્રોફેસર જ સમયસર ન આવતા તેમજ ચા ની ચુસકી અને વિવિધ રમતો રમીને સમય પસાર કરે છે. વિદ્યાર્થીઓનો સમય બગાડતા પ્રોફેસરો સામે વિદ્યાર્થીઓ આંદોલનના મુડમાં જણાય છે. સરકાર પાસેથી હજ્જારો રુપીયાનો પગાર ખંખેરતા પ્રોફેસરોને વિદ્યાર્થીઓના ભવિષ્યની કોઈ ચિંતા લાગતી નથી. કોમર્સ કોલેજનના સમયસર ન આવતા પ્રોફેસરો સામે યોગ્ય તપાસ થાય તેવું વિદ્યાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

## રાષ્ટ્રીય સ્તરે અદિતિ જૈને કરાટેમાં સુવર્ણચંદ્રક મેળવ્યો

ગાંધીનગરની દીકરી અદિતિ જૈને તાજેતરમાં મુંબઈ ખાતે યોજાયેલ વર્લ્ડ માર્સલ આર્ટ કરાટે સ્પર્ધામાં ભાગ લઈ સુવર્ણચંદ્રક મેળવી નગરનું ગૌરવ વધાર્યું છે. પ્રકાશ હાયર સેકેન્ડરી સ્કૂલની વિદ્યાર્થીની અદિતિ જૈન અમદાવાદ સ્થિતની હોન સીરોયુ સુબુકી તાલીમ કેન્દ્રમાં સુસ્મિત ગોહેલના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી હતી. નાની ઉંમરમાં કરાટેની સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરે વિજેતા બની સુવર્ણ ચંદ્રક મેળવનાર વિદ્યાર્થીનીને તાલીમ સંસ્થા અને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.




## ગરબા વિજેતાઓનો એડવેન્ચર કેમ્પ

ગાંધીનગર કલ્ચરલ ફોરમની સંપન્ન થયેલ નવરાત્રી - ૨૧૦૫નો અવસર ગરબા ઘૂમતા ખેલૈયાઓ તેમજ હજારોની સંખ્યામાં પ્રેક્ષકોએ લાભ માણ્યો છે. દર વર્ષની જેમ નાના ટેણીયાઓથી લઈને સિનીયર સિટીજન્સ પણ મન મૂકીને નવરાત્રીમાં રોજબરોજ ગરબા માણ્યા છે. સાથોસાથ વિવિધ ઈનામો પણ દસથી વધુ કેટેગરીમાં વિજેતાઓને એનાયત કર્યા છે. પરંતુ, ચાલુ વર્ષે ટિનેજર કેટેગરીને માઉન્ટ આબુ ખાતે સેંકડો સાહસિક કેમ્પર્સ સાથે ચાર દિવસના નેચર કેમ્પમાં ભાગ લેવાનું ઈનામ પણ મળ્યું હતું. તે પૈકી તાજેતરમાં ચાર દિવસના ગાંધીનગર ટૂ ગાંધીનગરના આ એડવેન્ચર કેમ્પ દરમિયાન રોક ક્લાઈમ્બિંગ, રેપલિંગ, રિવર ક્રોસિંગ, લેડર ક્લાઈમ્બિંગ, બર્ડ વોચિંગ, કેમ્પ ફાયર, લોંગ ટ્રેક સહિતનો લાભ લઈને પરત થયેલ ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રી-૨૦૧૫ના ટિનેજર બોયઝની કેટેગરીમાં પ્રથમ ઈનામ મેળવેલ કેમ્પ ડિરેક્ટર અને અનાલા આુટડોર્સના મેનેજિંગ ડિરેક્ટર ચંદ્રે લોઢીયા તેમજ ગાંધીનગરના સક્રિય ટીચર રાકેશ શાહ, ટોપ એજ્યુકેશનના ડિરેક્ટર સંદીપ પટેલ, નરેશ ઠાકર સહિત અન્ય વોલન્ટિયર્સ સાથેની યાદગાર પળો માણી હતી.

## ગાંધીનગર શહેર મોચી સમાજનો સ્નેહમિલન સમારોહનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા આગામી તા. ૨૭મી ડિસમ્બરને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે સેક્ટર-૨૩ સ્થિત કડી કેમ્પસના બ્રહ્માણી હોલ ખાતે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવશે. આ સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ધો. ૧ થી ૧૦માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટ તા. ૨૨મી ડિસેમ્બર સુધી મહેન્દ્રભાઈ રાઠોડને પ્લોટ નં. ૩૮૨/૨, સે. ૨-બી ખાતે મોકલવાની રહેશે. આ સમારોહમાં મોચી સમાજના તમામ જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા પ્રમુખ ભગવાનભાઈ ગોહેલે જણાવ્યું છે.

# વિધાનસભા વિસ્તારમાં પક્ષીઓને તળેલો નાસ્તો નહી આપવા પક્ષીપ્રેમીઓને તંત્રની અપીલ

ગાંધીનગર તા.૮

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલના સમયે મોટી સંખ્યામાં પક્ષીપ્રેમી જોવા મળે છે. સવારના સમયે પક્ષીપ્રેમીઓ ચણ તેમજ તળેલો નાસ્તો નાંખે છે. પક્ષીઓ માટે તળેલો નાસ્તો હાનીકારક છે. શહેરના વિધાનસભાની પાછળના વનવિસ્તારમાં અસંખ્ય પક્ષીઓ વસવાટ કરે છે. ત્યારે વનવિસ્તારમાં રહેતા પક્ષીઓને ચણની જગ્યાએ તળેલો નાસ્તો નાંખવા માટે નગરજનોની લાઈન લાગે છે. પક્ષી માટે તળેલો નાસ્તો નુકશાનકારક હોવાથી તંત્ર દ્વારા વિધાનસભાની પાછળના રસ્તાથી જ માર્ગ સુધી ૩ જેટલા બોર્ડ લગાવી તળેલો નાસ્તો નહિ નાંખવાની અપીલ નગરજનોને કરવામાં આવી છે.




ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા સેવાભાવી નગરજનો દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે. શહેરમાં અત્યારે હાલના સમયે સવાર-સાંજ પક્ષીઓને ચણ તેમજ તળેલો નાસ્તો આપવામાં આવે છે. જેમાં ગાંઠીયા, સેવ, મમરા, સહિત નમકીન પક્ષીઓને આપવામાં આવે છે. જે પક્ષીઓ માટે નુકસાનકારક છે તળેલો નાસ્તો આરોગવાથી પેટની તકલીફો ઉભી થાય છે અને પક્ષીઓ હેરાન પરેશાન થઈ જાય છે. પક્ષીઓને કાચું ધાન્ય તેમજ કઠોળ આપવાની જગ્યાએ નગરજનો પકવેલું આપીએ છીએ. પક્ષી માટે સુકુ ધાન્યમાં બાજરી, મકાઈ, ઘઉં, ચોખા, જાર, અતિઉતમ છે. લીલી તુવેર, ગુવાર, વટાણા પણ આપવામાં આવતા પક્ષીઓને વિટામીન મળે છે. જયારે પક્ષી માટે કાચું એટલું સારું કહેવાય છે. ગાંધીનગરના શિક્ષિત નગરજનો તળેલો નાસ્તો આપી પક્ષીઓને નુકસાન પહોંચાડી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા વિધાનસભા પાછળના વનવિસ્તારમાં ૩ બોર્ડ મુકવામાં આવ્યા છે અને જેમા પક્ષીઓને તળેલો નાસ્તો નહિ આપવાની સુચના લખવામાં આવી છે. છતા નગરજનો આગામી સમયમાં તળેલો નાસ્તો આપે છેકે ચણ તે તો જોવું રહ્યું... આ વિસ્તારમાં અસંખ્ય મોર સહિત વિવિધ પશુ -પક્ષીઓ વસવાટ કરે છે. જેને પગલે નગરજનોમાં આ વિસ્તાર ચણ તેમજ તળેલો નાસ્તો નાંખવા માટે હોટ ફેવરીટ બન્યો છે. ત્યારે પક્ષીઓને પણ રોજ તળેલો નાસ્તો આરોગવાની ટેવ પડી ગઈ હોય તેમ નાગરીકોની રાહ જોતા વનવિસ્તારમાં ફરતા હોય છે.

## જમીન વિકાસ નિગમની ફિલ્ડ આસીસ્ટન્ટની જગ્યા માટે ઓનલાઈન

# અરજી કરતા ઉમેદવારો કેટેગરીના મામલે મૂંઝવણમાં મુકાયા

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજ્ય જામીન વિકાસ નિગમ લી. ગાંધીનગર દ્વારા વર્ગ-૨ અને વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ ઉપર અરજદાર પસંદગી કરવા ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. જેમાં ફિલ્ડ આસીસ્ટન્ટ (જ.સ.), વર્ગ-૩ની જગ્યા માટે ojas.guj.nic.inની વેબસાઈટ ઉપર ઓનલાઈન ફોર્મમાં સિલેક્ટ કેટેગરીના બોક્ષમાં માત્ર એસ.ઈ.બી.સી. અને એસ.ટી. કેટેગરીનું જ વિકલ્પ દર્શાવવામાં આવે છે. જેથી ઓપન અને એસ.સી. કેટેગરીના ડિગ્રીધારક લાયક સિવિલ ઈજનેર યુવાનો આ જગ્યાઓ માટે અરજી નથી કરી શકતા. પરિણામે આ યુવાનોમાં રોષ જોવા મળ્યો છે. આ ગુંચવણભરી સ્થિતિ નિવારવા માટે ઓનલાઈનોજસની વેબસાઈટ પર ફેરફાર કરી ઓપન અને એસ.સી. કેટેગરી માટે વિકલ્પો ઉમેરવામાં આવે તેવી માંગ ઉમેદવારોમાં ઉઠવા પામી છે.

ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. ગાંધીનગર દ્વારા વર્ગ-૨ અને વર્ગ-૩ની સંવર્ગની જગ્યો ઉપર અરજદાર પસંદગી કરવા માટે લાયક ઉમેદવારો પાસેથી મદદનીશ નિયામક વર્ગ-૨ની ૭, ફિલ્ડ સુપરવાઈઝર વર્ગ-૩ની ૧, ફિલ્ડ આસીસ્ટન્ટ વર્ગ-૩ની ૨, સ્ટેનોગ્રેટ વર્ગ-૩ની ૧, સિનિયર ક્લાર્ક વર્ગ-૩ની ૧ અને જુનિયર ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર વર્ગ-૩ની ૨૮ જગ્યાઓ માટે જાહેરાત ક્રમાંક ગુ.રા.જ.વિ.નિ.લી/૨૦૧૫૫૨ ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. પરંતુ જાહેરાત ક્રમાંક પૈકી ક્રમ-૩માં ફિલ્ડ આસીસ્ટન્ટ વર્ગની જગ્યા માટેના ઓનલાઈન અરજી પત્રકમાં કેટેગરીના બોક્ષમાં જનરલ (ઓપન) અને એસ.સી. કેટેગરીનો વિકલ્પ બતાવવામાં આવતો નથી. માત્ર એસ.ઈ.બી.સી. અને એસ.ટી. કેટેગરીનું જ વિકલ્પ દર્શાવવામાં આવે છે. આથી એસ.સી. અને ઓપન કેટેગરીના ઉમેદવારો ફોર્મ જ ભરી શકતા નથી. આ બન્ને કેટેગરીના ડિગ્રીધારક લાયક સિવિલ ઈજનેર યુવાનો તંત્રના આ ગુંચવડાભરી સ્થિતિ કે નિર્ણયથી મુશ્કેલીમાં મુકાયા છે. અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા સંખ્યાબંધ પરીક્ષાો માટે ઓજસની વેબસાઈટ પર જાહેરાત મુજબ અરજીઓ મંગાવવામાં આવી છે. પરંતુ આવી સ્થિતિ ક્યારેય જોવા મળી નથી. નવાઈની વાત તો એ છે કે આ જ વિભાગની અન્ય ૫ જાહેરાતમાં ઓનલાઈન અરજી પત્રક સિલેક્ટ કેટેગરીના બોક્ષમાં તમામ ચાર કેટેગરી ઓપન, એસ.ઇ.બી.સી., એસ.ટી. અને એસ.ટી. દર્શાવવામાં આવે છે તો આ જ જગ્યા માટે આવી નીતિ કેમ ? તે પ્રશ્ન યુવાનોમાં ચર્ચા ચર્ચાઈ રહ્યો છે. તંત્રની આ વિચિત્ર નીતિ સામે યુવાનોમાં રોષ જોવા મળી રહ્યો છે અને આ ગુંચવડાભરી સ્થિતિ નિવારવા માટે ઓજસની વેબસાઈટ પર સિલેક્ટ કેટેગરીના બોક્ષમાં દર્શાવવામાં આવતી બે કેટેગરીની જગ્યાને બદલે તમામ કેટેગરીના વિકલ્પો તુરંત દર્શાવવામાં આવે તેવી પ્રબળ માંગ નોકરી વાચ્છુક ઉમેદવારોમાં ઉઠવા પામી છે.

### ફિલ્ડ આસીસ્ટન્ટની જાહેરાતના ઓનલાઈન અરજીપત્રકમાં કેટેગરીના ખાનામાં ઓપન અને એસની કેટેગરીનો વિકલ્પ જ નથી : માત્ર એસ.ઇ.બી.સી. અને એસ.ટી.નો જ વિકલ્પ દર્શાવવામાં આવ્યો છે

